તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૭૫ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૬૭ | ૨૮ ઓગસ્ટ, ૨૦૧૬, રવિવાર ; શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ઈસ્લામિક ધર્મગુરૂ નાઈક સામે કેસ ચલાવવા તૈયારી

નવી દિલ્હી,તા. ૨૭

વિવાદાસ્પદ ઈસ્લામિક ધર્મગુરૂ જાકીર નાઈક પર આગામી દિવસોમાં સકંજો વધુ મજબુત કરવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કેન્દ્ર સરકાર નાઈક સામે ત્રાસવાદનો કેસ દાખલ કરવા તૈયારીમાં છે. કેન્દ્ર સરકાર ટેરર કનેક્શનમાં ફસાયેલા ૫૦થી વધારે લોકોને ઉશ્કેરવાના આરોપસર નાઈક પર ત્રાસવાદને સમર્થન આપવાને લઈને કેસ દાખલ કરશે. ઉચ્ચ સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે જાકીર નાઈક પર એક્શનની તૈયારી તેમના ભાષણમાં તપાસ કરવામાં આવ્યા બાદ કરાઈ છે.

સુત્રોએ કહ્યુ છે કે કેન્દ્રિય ગૃહ મંત્રાલય, સેના અને મહારાષ્ટ્ર સરકારે આ સંબંધમાં કાયદાકીય અભિપ્રાય લઈ લીધા છે.

ભારતને ઉશ્કેરવાનું નવાઝ શરીફનું કદમ

કાશ્મીરના મુદ્દાને વિશ્વના દેશો સમક્ષ રજૂઆત કરવા ૨૨ સાંસદોની ટીમ બનાવાઈ : કાશ્મીરના મુદ્દાને ઉઠાવવા-ભારતની વિરૂદ્ધમાં રજુઆત કરવા ૨૨ સાંસદોની ટીમ જુદા જુદા દેશોનો સંપર્ક કરશે : શાંતિ મંત્રણાના પ્રયાસને મોટો ફટકો

નવી દિલ્હી, તા.૨૭

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોને વધુ તંગ બનાવે તેવા એક ઘટનાક્રમમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે હવે કાશ્મીર રાગને આગળ વધારીને ૨૨ સાંસદોનું એક ખાસ પ્રતિનિધિમંડળ બનાવવાનો નિર્ણય કર્યો છે. સાંસદોની આ ટુકડી ૧૧ મહત્વપૂર્ણ દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંપર્ક કરીને કાશ્મીરના મુદ્દા પર પાકિસ્તાન તરફથી તરફેણ કરશે. એક ટીવી ચેનલના કહેવા મુજબ આ ટુકડી આગામી બે સપ્તાહમાં તમામ પક્ષો સાથે સંપર્ક કરશે અને ભારતીય હિસ્સાવાળા કાશ્મીરમાં માનવ અધિકારના ભંગના મુદ્દાને પણ ઉઠાવશે. પાકિસ્તાનની આ ટુકડી જે દેશોથી સંપર્ક કરીને કાશ્મીર મુદ્દા પર ભારતની સામે માહોલ બનાવવાના પ્રયાસમાં છે. તેમાં અમેરિકા, બેલ્જિયમ, ચીન, સાઉદી અરબ, તુર્કી અને બ્રિટન જેવા દેશોનો સમાવેશ થાય છે. પાકિસ્તાનનું આ પગલું ભારતને ફરી એકવાર ઉશ્કેરી શકે છે. શાંતિ પહેલને અસર કરી શકે છે. અત્રે નોંધનિય છે કે પઠાણકોટમાં આતંકવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ભારત અને

● અનુસંધાન પાન-૭ પર

જલારામ બાપાના વારસદાર જયસુખ બાપાનો દેહ વિલય

આજે ભક્તો માટે અંતિમ દર્શન રહેશે સોમવારના દિવસે અંતિમ સંસ્કાર

અમદાવાદ, તા.૨૭

જલારામ બાપાના ચોથી પેઢીના વારસદાર જયસુખબાપાનો આજે સાંજે રાજકોટમાં દેહવિલય થતા તેમના લાખો ભક્તોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. તેમના દેહવિલયના સમાચાર ફેલાતાની સાથે જ ભક્તો દર્શન માટે પહોંચવા લાગ્યા હતા. દેહવિલય થયા બાદ જયસુખ બાપાના અંતિમ દર્શન માટે આવતીકાલે શ્રદ્ધાળુઓને તક રહેશે. સોમવારના દિવસે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. જયસુખબાપાને બે પુત્ર અને બે પુત્રીઓ છે. જલારામ બાપાના દીકરા હરિરામ બાપા તેના દીકરા ગીરધરબાપાના સંતાન એટલે જયસુખબાપાની છેલ્લા ૨૦ દિવસથી નાદુરસ્ત તબિયત હતી. આજે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. જયસુખબાપાને ચાર સંતાન છે.

વડાપ્રધાન સાથે મહેબુબાની વિસ્તૃત મંત્રણા

અંધાધૂંધીની આગમાં ઘી નાંખવાનું કામ પાકિસ્તાન કરી રહ્યું છે : જમ્મુ કાશ્મીરમાં ઉભી થયેલી પરિસ્થિતિને લઇ અમારી જેમ વડાપ્રધાન પણ ખુબ ચિંતિત છે : અગાઉની યુપીએ સરકાર પર પણ મહેબુબાના તીવ્ર પ્રહાર

નવી દિલ્હી, તા.૨૭

જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન મહેબુબા મુફ્તિએ આજે કાશ્મીર ખીણમાં જારી હિંસાની આગમાં ઘી નાંખવા બદલ પાકિસ્તાનની જોરદાર ઝાટકણી કાઢી હતી. આજે સવારે મહેબુબાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વિસ્તૃત વાતચીત કરી હતી. વડાપ્રધાન સાથે વાતચીત કર્યા બાદ મહેબુબાએ કહ્યુ હતુ કે અમારી જેમ જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ભારે ચિંતિત છે. મહેબુબાએ કહ્યુ હતુ કે વર્ષ ૨૦૦૮ બાદથી કાશ્મીરમાં સ્થિતી ખરાબ છે. યુપીએ સરકારે વર્ષ ૨૦૦૮ બાદ પરિસ્થિતીની અવગણના કરી હતી. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમસ્યાને ઉકેલી લેવાના પ્રયાસ કરી રહ્યા છે. પાકિસ્તાન સાથે વાતચીત શરૂ કરવા પહેલ કરવા બદલ મહેબુબાએ મોદી અને કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહની પ્રશંસા કરી હતી. જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાને કહ્યુ હતુ

● અનુસંધાન પાન-૭ પર

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹21*/500 mL
અમૂલ ગાયનું દૂધ
*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055/56/57.
(Currently available in Ahmedabad, Saurastra and Kutch region only.)

જોઈએ છે
પ્રિ. પ્રાથમિક, પ્રાથમિક વિભાગ, અંગ્રેજી માધ્યમમાં શિક્ષિકા બહેનની જરૂર છે. અંગ્રેજી મિડિયમ અથવા અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયેલે રૂબરૂ મળવું. અપડાઉન માટે વાહનની સુવિધા ઉપલબ્ધ
લિટલ એન્જલ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ
ઉ. મહાદેવ રોડ, હાઉસીંગ ચાર રસ્તા, દહેગામ, જી. ગાંધીનગર
મો. ૯૭૨૨૯ ૨૯૫૫૫

જુનાગઢ ગીર પંથકમાં ભૂકંપ

રિક્ટર સ્કેલ ઉપર તીવ્રતા ૩.૮ આંકવામાં આવી : પોરબંદલ, ગોંડલ, જેતપુર ખાતે પણ આંચકાનો અનુભવ કેન્દ્રબિંદુ માંગરોળથી ૪૭ કિલોમીરનાં અંતર પર નોંધાયું

અમદાવાદ, તા.૨૭

ગુજરાતના જુનાગઢ ગીર પંથકમાં આજે ભૂકંપના કારણએ લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. જોકે જાનમાલના કોઈ નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી. બપોરના ગાળામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જે વિસ્તારમાં ભૂકંપ આવ્યો હતો તેમાં ગીર પંથક, ઉમા ધામ વિસ્તારનો સમાવેશ થાય છે. સમગ્ર જિલ્લામાં લોકોને અનુભવ થયો હતો. બીજી બાજુ તાજેતરના સમયમાં દેશના અન્ય ભાગોમાં પણ આંચકાઓ આવતા રહ્યા છે. આજે પણ હિમાચલપ્રદેશમાં એક પછી એક ત્રણ આંચકા આવ્યા હતા. સવારે સાત વાગ્યાની આસપાસ પહેલો આંચકો આવ્યો હતો. આ ઉપરાંત થોડાક દિવસ પહેલા જ દિલ્હી અને એનસીઆરમાં આંચકો આવ્યો હતો. જેની તીવ્રતા વધારે રહી હતી.

બીજી બાજુ હાલના દિવસોમાં વિશ્વના અન્ય દેશોમાં પણ ભૂકંપના આંચકા આવ્યા છે. જેમાં મ્યાનમાર, બાંગ્લાદેશ અને ઈટાલીનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી મુજબ જૂનાગઢ જિલ્લામાં આજે બપોરે ૧૨.૨૩ કલાકે ૩.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો છે. જૂનાગઢ સહિત પોરબંદર, ગોંડલ અને જેતપુરમાં પણ તેના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિન્દુ માંગરોળથી ૪૭ કિલોમીટર દૂર દરિયામાં નોંધાયું હતું. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા અને ૨૦૦૧ના ભૂકંપની યાદ તાજી થઈ હતી. જૂનાગઢમાં બપોરે ૧૨.૨૩ કલાકે આવેલા આંચકાની ધ્રુજારી જેતપુર, ગોંડલ, રાજકોટ સહિત પોરબંદર અને કચ્છમાં પણ જોવા મળી હતી.

બંગલો વેચવાનો છે
૨૩૫ ચો.વારના પ્લોટમાં બે માળનું બાંધકામવાળો ફુલી ફર્નિશ્ડ બંગલો ફુડાસણ, ઈન્ફોસીટી પાછળ વેચવાનો છે.
મો. ૭૮૭૪૮૧૯૧૬૭
મો. ૯૮૭૯૨૩૫૦૬૪

TUTIONS
Sub : MATHS
Std. : 10, 11, 12
B.B.A., B.C.A, BE.
Mo. 9979397889
Mo. 9925528016

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

સ્ટોક માર્કેટ ન્યુ ઓફિસ માટે
ટર્મીનલ ઓપરેટર : NSE-BSE
ફ્રન્ટ ઓફિસ આસીસ્ટન્ટ : (m) વ્હીકલ જરૂરી
ઓફિસ બોય : કોમ્પ્યુટર નોલેજ/વ્હીકલ જરૂરી
પગાર રૂ.૫૦૦૦/- થી ૧૫૦૦૦/- + ઈન્સેન્ટીવ + પેટ્રોલ
Mail : bestboi123@gmail.com
Call : 85115 68737

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

MARUTI SUZUKI NEXA
live the crossover life
The city or the wild, the smooth tracks or the dusty trails, S-Cross can take you wherever your destination lies. It's made to match your crossover life, and give you a drive truly above the ordinary.
ABOVE THE ORDINARY FEATURES
Auto HID Headlamps | Auto Rain Sensing Wipers | SmartPlay Infotainment System 18 cm (7) | Cruise Control | Steering Mounted Audio & Voice Controls
NEXA Safety Shield Standard Across All Variants
SUZUKI-TECT BODY
DUAL FRONT AIRBAGS
ABS WITH EBD
SEAT BELT PRE-TENSIONERS WITH FORCE LIMITERS
BEST IN CLASS MILEAGE* 23.65 km/l
*As certified by test agency under rule 115 of CMVR 1989 for DDIS 200. Features shown may vary from variant to variant. Car colour may vary due to printing on paper.
S-CROSS The Premium Crossover
Contact us at
1800-200-6392
1800-102-6392
www.nexaexperience.com
NEXA INFOCITY (NANDA AUTOMOBILES PVT. LTD.)
Survey No. 187/A, Moje Kudasan, Nr. Baghban Restaurant, Gandhinagar. Ph. : 23603131,
M : 9925002575, E-mail : nexa@nandaautomobiles.com, www.nexaexperience.com